

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચૂંટણીના સ્વાર્થે બંધાય છે, રેતીના પૂલ !*
*ભાંગેલા સંબંધો સંધાય છે, રેતીના પૂલ !*
*રેતીના પૂલ છે પક્ષ-પલટા, પદની માયા -*
*ને પ્રજાને જીવ રૂંધાય છે, રેતીના પૂલ !!*
*(તંત્ર - ઈજનેરો વચ્ચે ખાયકીનો પૂલ)*

### હાઈકુ

*દટાઈ મરે*
*દગાની છત નીચે -*
*નિર્દોષ પ્રજા...*
*(માટીના પૂલ)*

*સ્વાર્થી નીતિમાં*
*નિર્દયી નેતાઓનું -*
*મેળાપીપણું...*
*(પ્રજાનો મરો)*

### ચિંતન

**શ્રદ્ધયાગ્નિઃ સમિધ્યતે શ્રદ્ધયા હૂયતે હવિઃ ।**
**શ્રદ્ધાં ભગસ્ય મૂર્ધનિ વચસા વેદયામસિ ॥**

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

શ્રદ્ધાપૂર્વક કરવામાં આવેલા પરોપકારી કર્મો જ ધ્યેયને સિદ્ધ કરી શકે છે. તેથી મનુષ્યે શ્રદ્ધાથી ભરપૂર રહેવું જોઈએ. શ્રદ્ધા માનવજીવનનો આધાર છે. તેમાં મહાન પ્રેરકશક્તિ રહેલી છે. નક્કર આધાર વગર કશુંય શક્ય બનતું નથી. જો કોઈને છલાંગ લગાવવી હોય તો જે જગ્યાએથી કૂદકો મારે તે ધરતી નક્કી હોવી જોઈએ. જો તે પોંચી કે કીચડવાળી હશે તો છલાંગ મારનાર નીચે પડશે અને ધ્યેય સુધી પહોંચી શકશે નહીં. આધાર મજબૂત હોવો જોઈએ. પાણીનો આધાર ઘડો છે. તે ફૂટેલો ન હોવો જોઈએ. ઘડાનો આધાર ત્રિપાઈ છે, તેનો પાયો તૂટેલો ન હોવો જોઈએ. ત્રિપાઈનો આધાર ભૂમિ છે, તે ભૂમિ ત્રાંસી અથવા ઢોળાવવાળી ન હોવી જોઈએ. તે જ રીતે શ્રદ્ધા પણ મજબૂત હોવી જોઈએ, જોઈએ, ઓળખીને, પારખીને શ્રદ્ધાનું સ્થાન નક્કી કરવું જોઈએ.

શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રેમ એ ઉન્નતિમાં ત્રણ પગથિયાં છે. શ્રદ્ધાથી બધું શક્ય બને છે. વિશ્વાસ અઘરા ને સરળ કરી નાખે છે અને પ્રેમ તો તેને સરળત્તમ બનાવી દે છે. જયારે શ્રદ્ધા દૃઢ થઈ જાય છે ત્યારે તે કલ્યાણ કરનારી માતાની જેમ દરેક સ્થિતિમાં આપણી રક્ષા કરે છે.

### સુવિચાર

- માણસ સમયના ભાગલા પાડશે ત્યાં સુધી હંમેશા સંઘર્ષમાં જ રહેશે **- જે. કૃષ્ણમૂર્તિ**
- સામા પ્રવાહે જનારને જ પ્રવાહનો લાભ મળે છે અને તે ઊંચે આવી શકે છે. જો વિમાન હવાની સામી બાજુ ઉડવાને બદલે પ્રવાહની સાથે ઊડે તો કદી ટેઈક ઓફ કરી જ ન શકે **- અભિયાન**
- ન બોલવાનું બોલે... તે તણખલાને તોલે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવનમાં આવતી કોઈ પણ પરિસ્થિતિને સમજદારી પૂર્વક સ્વીકારી લેવી તેનું નામ 'તપ' **- મનોજ જોષી**
- 'ચમચાગીરી' એ પણ ભક્તિમાર્ગનો એક પેટા પ્રકાર જ દેખાય છે **- ચંદ્રકાન્ત બક્ષી**
- 'કળા' એટલે વાણી, વિચાર, વર્તન ત્રણેય ને યથાયોગ્ય સ્થાને મૂકવી તે **- જનકલ્યાણ**
- આજનું ઔષધ : નવશેકા પાણીમાં લીંબુ નીચોવી ચપટી ખાવાનો સોડા ભેળવી પીવાથી ગેસમાં રાહત થાય છે અને પેટ સાફ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શહેરના લોકો મહદ્અંશે ખુશખુશાલ રહેતા હતા. અને તેમનો આત્મવિશ્વાસ પણ બીજા શહેરની સરખામણીમાં સારો હતો. આથી બાજુના શહેરની મેનેજમેન્ટની કૉલેજના વિદ્યાર્થીયે આ શહેરના લોકોની ખુશીનો રાઝ જાણવા માટે એક રિસર્ચ સોંપ્યું. આ વિદ્યાર્થી શહેરના મુખ્ય બજારમાં આવેલી એક કૉફી શૉપમાં જઈને બેઠો. અભ્યાસના ભાગરૂપે તે કૉફી પીવા આવતા લોકોના સ્વભાવ, ટેવ અને વર્તનનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરવા લાગ્યો. કૉફી શોપમાં એક દિવાલ પર એક બોર્ડ મારેલું હતું અને બોર્ડ પર લખ્યું હતું 'હેપ્પી એન્ડઓનર વોલ' કૉફી શોપમાં એક યુવાન આવ્યો. તેણે કેશિયરને પૈસા આપીને કહ્યું, 'એક કૉફી મારા માટે અને એક સામે બોર્ડ માટે.' કેશિયરે કૉફીના પૈસા લીધા અને એક ચિઠ્ઠીમાં લખ્યું. 'કૉફી ફોર હેપ્પી વોલ' અને એ ચિઠ્ઠી પેલા બોર્ડ પર લગાવી દીધી. થોડીવારમાં એક ભિખારી કૉફી શોપમાં દાખલ થયો. વિદ્યાર્થીને થયું આ ભિખારી આ કૉફીશોપની મોંઘી કૉફી કેવી રીતે પી શકશે ? ભિખારી કેશિયર પાસે ગયો અને ઈશારો કરતાં કહ્યું, 'એક કૉફી પેલી દિવાલ પરથી.' કેશિયરે એક કફી અને નોટિસ બોર્ડ પર લાગેલા કાગળની ચીઠ્ઠી હટાવી દીધી. વિદ્યાર્થીએ આ દૃશ્ય જોયું. કે આ શહેરમાં લોકો એટલા માટે ખુશ છે કારણ કે તેમને એકબીજાને મદદ કરવાની ટેવ છે. બાઈબલમાં કહેવાયું છે કે, જે હાથ બીજાની મદદ માટે ઊઠે છે એ પ્રાર્થનામાં ઉઠનારા હાથ અને બોલનારા હોઠથી કેટલાયે ગણા પવિત્ર છે.'

# ટ્રમ્પ ભારતની પડખે રહેશે

**તંત્રીસ્થાનેથી...**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોલાન્ડ ટ્રમ્પે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી દીધી છે. વોશિંગ્ટન ઝીણી નજરે પાકિસ્તાનની અંદર ચાલી રહેલી પ્રવૃત્તિ નિહાળી રહ્યું છે. અગાઉ પણ અમેરિકા આ ભારતીય ઉપખંડનાં પાડોશી દેશો પર નજર તો રાખતું, પરંતુ શસ્ત્રોના સોદાગર એવા અમેરિકાને પાકિસ્તાનમાં ચાલતી આતંકવાદી પ્રવૃત્તિઓ વિરુદ્ધ આવું કડક નિવેદન કરવાની જરૂર નહોતી લાગી. ખુદ ઓબામા કે બિલ ક્લિન્ટન જેવા કાબેલ રાષ્ટ્રપ્રમુખોએ પાકની નાપાક હરકતોને મહદંશે નજર અંદાજ કર્યે રાખી હતી. એનું એક કારણ એ હતું કે ચીન અને મધ્યપૂર્વના દેશો પર નિયંત્રણ રાખવા માટે પાકિસ્તાન વ્યૂહાત્મક રીતે અનુકૂળ પડતું હતું. ભરાત એની સરજમીન પરથી અમેરિકાને એવી અનુકૂળતા કરી આપવા તૈયાર નહોતું. એ બિન જોડાણવાદી દેશોના મંડળનું સભ્ય હતું. નહેરુ યુગતી ચાલી આવતી બિન જોડાણનીતિમાં નરેન્દ્ર મોદીના શાસનકાળમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. ભારત આજકાલ અમેરિકાની ગુડબુકમાં છે. કયારેક પાકિસ્તાન અમેરિકાનું બગલબચ્ચું હતું. ભારત કોઈ મહાસત્તાનું બગલબચ્ચું ન બની શખે. પરંતુ વિવિધ શક્તિસંપન્ન રાષ્ટ્રો સાથે સુમેળ રાખીને પોતાની સ્થિતિ વ્યૂહાત્મક દૃષ્ટિએ મજબૂત જરૂર કરી શકે. ચીન કૂદકે ને ભૂસકે આગળ વધીને અમેરિકાને ભારતની ગરજ પડે તે સમજી શકાય એવું છે. ખાસ તો પાકિસ્તાન હવે દુનિયાભરમાં આતંકવાદના ઉછેર કેન્દ્ર તરીકે નામચીન બની ચૂક્યું છે ત્યારે એની સાથે મીઠા સંબંધ રાખવાનું અમેરિકા જેવા દુનિયાની જમાદારી કરતા આવેલા દેશને ન જ પોસાય. અમેરિકામાં બે ભવ્ય ટાવર્સ પર આતંકવાદી હુમલો કરાવનાર ઓસામા બિન લાદેનને પાક આર્મીએ આશ્રય આપ્યો હતો એ જગ જાહેર છે. તાલેબાન કે અલકાયદા જેવા જ આતંકી સંગઠનો હાફિઝ સઈધ અને મસૂદ અઝહર પણ ચલાવે છે. ભારતમાં વિવિધ આતંકવાદી હુમલા થતા રહ્યા એમાં વિદેશી નાગરિકો પણ માર્યા ગયા હતા. આખરે નાછૂટકે અમેરિકાએ પાકિસ્તાન સામે લાલ આંખ કરવી પડી છે. અમેરિકાને એનાં સૂત્રો મારફતે પાકી ખાતરી થઈ ચૂકી છે કે ભારત છેલ્લાં ઘણાં વર્ષોથી પાડોશી દેશ સરહદ પર આતંકના ઓળા પાથરતો રહે છે એવી ફરિયાદ કરતું રહ્યું છે. એમાં પૂરેપુરું તથ્ય છે. પાકિસ્તાન ભારત સાથે ત્રણ ત્રણ યુદ્ધો હારી ચૂક્યું છે એટલે એ આર્મી અને આઈએસઆઈની રહેમ નજર હેઠળ હાફિઝ સઈદ અને મસૂદ અઝહર જેવા ખૂંખાર આતંકવાદીઓને આશ્રય આપી ભારતના કાશ્મીર સહિતના સરહદી વિસ્તારોમાં બેફામ લોહિયાળ પ્રોક્સી લડાઈ લડી રહ્યું છે. ટ્રમ્પને છેલ્લા સીઆરપીએફના કાફલા પર મસૂદ અઝહરના આતંકી સંગઠન દ્વારા કરાવાયેલ હુમલાએ હચમચાવી દીધા છે. એનું વેર વાળા ભારતીય વાયુ સેનાએ પાક અધિકૃત કાશ્મીરમાં આવેલ બાલાકોટ ખાતે ચાલતા જૈશે મોહંમદના આતંકી શિબિર પર એર સ્ટ્રાઈક કરી હતી અને ટ્રમ્પ વાજબી ઠેરવે છે. વળી મસૂદ અઝહરને વૈશ્વિક આતંકવાદી ઠેરવવાની ઝુંબેશમાં પણ સક્રિય ભાગ ભજવી રહ્યા છે. સુરક્ષા સમિતિના ચીન સિવાયના તમામ સભ્યોએ ટ્રમ્પની વાત માની છે. ચીન આડોડાઈ કરતું લાગ્યું છે ત્યારે ટ્રમ્પે ચીનને પણ છાસિયું કરી સખણા રહેવાની સલાહ આપી છે અને ચીનના વીટો છતાં મસૂદને આંતરરાષ્ટ્રીય આતંકવાદી ગણવાની ઝુંબેશ ચાલુ રાખી છે. પાકિસ્તાનને એમણે બહુ જ આકરા શબ્દોમાં ચેતવણી આપી દીધી છે. હવે પછી જો ભારત પર આવો બીજો હુમલો થયો તો પાકિસ્તાનના ઈતિહાસની એ કરુણત્તમ ઘટના હશે કારણ કે ત્યારે એની વિરુદ્ધ ભારત એકલું નહીં હોય - અમેરિકા જ પાકિસ્તાનને સીધું કરવાની જવાબદારી લેશે. પાકિસ્તાનને આવી કડક ચેતવણી આજ પહેલાં અમેરિકાના કોઈ રાષ્ટ્ર પ્રમુખે આપી નહોતી. ટ્રમ્પ એ સંદર્ભે મોદી અને ભારત માટે ટ્રબલ શૂટર બની ઊપસી રહ્યા છે.

# હિમ્મત બતાઈ નહીં.... દીખાઈ જાતી હૈ...



**ડાયલોગથી દેવભાષા**

ડો. જય ઓઝા

**હિમ્મત બતાઈ નહીં.... દીખાઈ જાતી હૈ...**

**- વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ**

ઈ.સ. ૨૦૧૦માં રિલીઝ થયેલી આ ફિલ્મ વિશે આપણે અગાઉ પણ જાણી ચૂક્યા છીએ... તેનું કારણ એ છે કે આ ફિલ્મના દરેક સંવાદ અફલાતુન હતા. મિલન લુથારીયાનું દિગ્દર્શન રજત અરોરાનું લેખન અને ભૃગુ બ્રીન્દાના સંવાદોની રમઝટ એવી બોક્સ ઑફિસ પર ચાલી ગઈ, કે ન પૂછો વાત ! તેમાં પણ અજય દેવગનનાં જાદુઈ અવાજમાં આ સંવાદ બોલાયો છે. ઘણા વ્યક્તિઓ હંમેશા ફિશીયારીઓ મારવામાંથી ઊંચા નથી આવતા. સાહસ, હિંમત, શક્તિ બોલ-બોલ કરવાથી નહીં દર્શાવી શકાય... સર્જિકલ સ્ટ્રાઈકલ કરીને સિદ્ધ કરી શકાય છે.

પ્રસ્તુત સંવાદ જેવી જ એક ભાવપૂર્ણ પંક્તિ 'હર્ષચરિત' નામક 'ગદ્ય-કથા' માંથી મળી આવે છે.

બાણભટ્ટ એ સંસ્કૃત ગદ્ય સાહિત્યમાં ધ્રુવ તારક સમાન સ્થાન ધરાવે છે. 'હર્ષચરિત'માં પંક્તિ છે કે, -

**ભુજે વીર્યં નિવસતિ ન વાચિ ।**

બાહુમાં પરાક્રમ વસે છે, વાણીમાં નહીં.

બાણભટ્ટે 'હર્ષચરિત' લખ્યું છે, અને આ ગ્રંથમાં સમ્રાટ હર્ષનું જીવનચરિત્ર આલેખાયેલું છે.

આ પથી એમ કહી શકાય કે બાણ, સમ્રાટ હર્ષના સમકાલીન હોવા જોઈએ. ચીની યાત્રી હ્યુ-એન-સંગ ઈ.સ. ૬૨૯ થી ૬૪૫ દરમિયાન ભારત આવ્યો હતો, અને તેણે હર્ષવર્ધનનું વર્ણન કર્યું છે, અને હર્ષવર્ધનનાં સમયમાં જ બાણ થઈ ગયા, માટે છઠ્ઠી સદીના અંત અને સાતમી સદીના પૂર્વાર્ધમાં બાણ થઈ ગયા હોવા જોઈએ.

'હર્ષચરિત' આઠ ઉચ્છ્વાસમાં વિભાજીત છે. સંસ્કૃત સાહિત્યની પરિભાષા પ્રમાણે 'હર્ષચરિત' એક આખ્યાયિકા છે.

બાણભટ્ટની બીજી કૃતિ 'કાદમ્બરી' પણ અતિપ્રસિદ્ધ છે. પ્રસ્તુત પંક્તિ જેવી અઢળક સૂક્તિઓ આ બંને ગ્રંથમાં મળી આવે છે. વાત છઠ્ઠી સાતમી સદીમાં કહેવાઈ હોય કે ૨૧મી સદીમાં. શક્તિનાં બણગા ફુકવાં કરતાં તેનું સીધું પ્રદર્શન કરીને સામેવાળાને ચીત કરી દેવો તે જ યોગ્ય છે.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# આજે વાર્તાયનની બેઠક



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● 'મમતા' વાર્તામાસિક સંચાલિક અને ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા સંયોજિત કાર્યક્રમ 'વાર્તાયન' અંતર્ગત તા. ૨૩-૦૩-૨૦૧૯ને શનિવારના રોજ સાંજે ૫.૦૦ વાગે, પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કૉલેજ, સેકટર-૭, ગાંધીનગર ખાતે 'વાર્તાયનનું પર્વ-૧૪' ઉજવાશે; જેમાં જાન્યુઆરી-૧૯૦૯માં - ૧૧૨ વર્ષ પહેલાં પ્રગટ થયેલી અતીતની વાર્તા; દેશદ્રોહી - લેખિકા સૌ. પ્રમિલાનું પઠન પ્રા. ડૉ. લીના સ્વાદિયા કરશે; જયારે વાર્તા 'જગુભાઈને પડછાયો'ની પ્રસ્તુતિ જાણીતા મૂર્ધન્ય સાહિત્યકાર હરિકૃષ્ણ પાઠક કરશે; જયારે વાર્તા 'ઈચ્છાની પેલે પાર' ની પ્રસ્તુતિ જાણીતા કવિ રમેશ ઠક્કર ચૂંટણીમાં વ્યસ્ત હોઈ રજની મોરવાલ કરશે અને વાર્તા સ્વરુપ અને સમીક્ષા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ કરશે, જેનું સંયોજન જાણીતા કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ કરશે. આ સાહિત્યિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

- muljibhaidadhi@gmail.com
Mo. 9824236893

# રાજ્યકવિ પિંગળશી પાતાભાઈનું પાવન સ્મરણ



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પાંચ દાયકા પહેલા (૧૯૬૯) કરેલું એક ચિરંજીવી કાર્ય યાદ આવે છે. પચાસ વર્ષનો સમય પસાર થયો છતાં એ પ્રસંગે શાક્ષી બનનાર અનેક લોકોના મનમાંથી એ પ્રસંગની સ્મૃતિ ભૂંસાતી નથી. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પાંચ વિદ્વાન તથા ખ્યાતિને વરેલા ચારણ કવિઓનું ત્યારે આદરપૂર્વક બહુમાન કરેલું. આ સમગ્ર ગૌરવશાળી ઘટનાનું પ્રેરણાસ્ત્રોત ડોલરભાઈ માંકડ હતા. એક વિદ્વાન તથા દીર્ઘદ્રષ્ટા કુલપતિને છાજે તેવું આ કાર્ય હતું. કવિ દુલા ભાયા કાગ, મેરભા લીલા, શંકરદાનજી દેથા, માવદાનજી રત્નુ તેમજ પિંગળશીભાઈ લીલાનું સન્માન યુનિવર્સિટીએ ગૌરવપૂર્ણ રીતે કરેલું હતું. સમગ્ર કાર્યક્રમનું સુરેખ આયોજન જયમલ્લભાઈ પરમારે કર્યું હતું. આખરે તો વિદ્યાના ધામ સમાન યુનિવર્સિટીની આ પહેલ તમામ સાહીત્ય રસીક લોકોએ બીરદાવી હતી. યુનિવર્સિટીનું પણ ગૌરવ વધે તેવું આ કાર્ય માંકડ સાહેબની સક્રિયતા તેમજ નિસ્બતને કારણે સુયોગ્ય રીતે સંપન્ન થયું. વિદ્વત જનોના આવા સન્માનના ઉપક્રમને એક સ્થાયી સંસ્થાકીય માળખું તેમજ આવા પ્રસંગોની નિયમિતતા આપવાનું આવકારદાયક કાર્ય આજના સમયમાં પૂજ્ય મોરારીબાપુ દ્વારા થાય છે તે સુવિદિત છે. કવિ કાગની સ્મૃતિમાં પણ મોરારીબાપુની પ્રેરણાથી છેલ્લા દોઢ દાયકાથી સુયોગ્ય જનોનું સન્માન થાય છે. સાહિત્ય તથા સંસ્કાર સંવર્ધનનું આ ઉજ્વળ કાર્ય છે. દર વર્ષે કવિ કાગની સ્મૃતિમાં યોજાતા આ કાર્યક્રમમાં વિશાળ લોકસમુહ ભાગીદાર થાય છે. કવિ કાગની જન્મભૂમિ મજાદરમાં આઆયોજન કરવામાં આવે છે.

માર્ચ મહિનામાં એક વટવૃક્ષ સમાન સર્જક અને રાજનીતિજ્ઞ વિભૂતિની વિદાય થઈ હતી તેના સંદર્ભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું ઉપર દર્શાવેલું કાર્ય સ્મૃતિમાં સહેજે આવે છે. માર્ચ-૧૯૩૯ માં પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા (રાજ્યકવિ-ભાવનગર)નું અવસાન થયું. ઝવેરચંદ મેઘાણીએ લખ્યું : "ગરવાનું ટૂક તુટી પડ્યું" રાજ્યકવિ પિંગળશીભાઈના જાજ્વલ્યમાન વ્યક્તિત્વને આ ઉચિત શ્રધ્ધાંજલી હતી.

મુલ્ક મશહૂર ડેલીમાં કોઈ યોગીની જેમ ધૂણી ધખાવીને બેઠેલા આ સરસ્વતી પુત્રે બન્ને હાથે અર્પણ કરવાના જ સંસ્કાર મેળવ્યા હતા અને વિશેષ કેળવ્યા હતા. ભગતબાપુએ લખ્યું :

ડેલીએ બેઠો અડિખમ
ડુંગરો
દેતાં દેતાં મેં દીઠો....
પિંગળશીને સઘળે
સ્થાનકે દીઠો.
મહારાજાઓને ડાયરે
ડાયરે
સાચું સંભળાવતો મેં
દીઠો.
ઝૂંપડીઓની વણીને
વેદના
ગીતમાં ગાતો મેં દીઠો
....
પિંગળશીને સઘળે
સ્થાનકે દીઠો.

ઈ.સ. ૧૮૫૬ થી ૧૯૩૯ સુધીનું સુદીર્ઘ તથા તંદુરસ્ત આયુષ્ય ભોગવીને કવિરાજ ગયા. આ માસ-ફાગણ માંજ (માર્ચ-૧૯૩૯) જાણે ફાગણની ફોરમ ફેલાવીને કવિએ મહાપ્રયાણ કર્યું. અનેક ખૂમારી-ખમીર તથા ઉદારતાના કિસ્સાઓ કવિના ભાતીગળ જીવન સાથે જોડાયેલા છે. મહાકવિ નાનાલાલે શોકાંજલિ આપતાં લખ્યું કે કવિરાજ પિંગળશીભાઈના અવસાનથી ભાવનગરની કાવ્યકલગી ખરી પડી છે. કવિ શ્રી નાનાલાલે ઉમેર્યું કે ભાવનગર મહારાજના મુગટમાંથી એક હીરો ખરી પડ્યો છે. કવિએ જે કાવ્યપુષ્પોનું સર્જન કર્યું છે તે તેમના જીવનના સહજ કર્મોમાંથી પ્રગટ થતી લાગણીની સુંદર અભિવ્યક્તિ છે. શ્રી ચંદ્રવદન મહેતાએ લખ્યું છે કે કવિ પિંગળશીભાઈના કાવ્ય સર્જનના ઉજળા સત્વની પાછળ " શીલ તેવી શૈલી – વ્યક્તિ તેવું લખાણ " એ સુત્રનું પ્રમાણ છે. શ્રી મહેતાએ આ રાજકવિને સાધુ રચિત કવિ કહીને નવાજ્યા છે. કવિને ભીતર તથા બહાર એકરંગા હોય તેવા માનવીઓથી વિશેષ પ્રીતી છે. તેમની કહેણી તથા કરણીમાં સામ્યતા જોઈ શકાય છે. તેમના કાવ્યમાં પણ આ જ ભાવ ઘૂંટાયો છે. કવિને પ્રતિતિ થયેલી છે કે મનના મેલને ધોયા સિવાય હરિ શરણ પ્રાપ્ત થતું નથી માત્ર પુજા કે અર્ચન વિધિથી જ પરમતત્વનું સાનિધ્ય પ્રાપ્ત થતું નથી.

પ્રભુને પૂજયાથી શું થાય,
મેલ ભર્યો મનમાંય ....
પ્રભુને પુજયાથી શું થાય
.... જી...
શિયાળામાં નિત્ય સવારે
નીર ઠંડાથી નાય ... જી.
...
ભ્રાત સગાનું સારું ભાળે
તો,
લાગે ઉરમાં લાય ....
પ્રભુને પુજયાથી ...
ભેળા થઈને રાતે ભજનો,
ગાંજો પીને ગાય....! ..
જી..
ધ્યાન ધરે ખોટા ધંધામાં
લલનામાં લલચાય ...
પ્રભુને પુજયાથી ...

મધ્યયુગના સંતોના માર્ગવિહારી જેવા આ મહાકવિની કાવ્ય ભાષા સરળ છતાં ધારદાર છે. સામાન્ય રીતે જાણતા કે અજાણતા પણ આપણે ધર્મને નિશ્ચિત ક્રિયાકાંડ સાથે જોડી દઈએ છીએ. કાળક્રમે મૂળ ધર્મના તત્વ કરતાં પણ આ ક્રિયાકાંડનું મહત્વ વધી જાય છે. માત્ર યાંત્રિક રીતે થતા ક્રિયાકાંડમાં જો ધર્મ-તત્વનું સૌંદર્ય ન હોય તો તેવા ક્રિયાકાંડમાં ચૈતન્ય તત્વનો ક્રમશઃ લોપ થતો જાય છે. આપણા કવિ અખાએ આ વાત અસરકારક ઢબે તથા દાખલા-દલીલ સાથે સમજાવી છે.

એક મુરખને એવી ટેવ,
પથ્થર એટલા પૂજે દેવ.
તુલસી દેખી તોડે પાન,
પાણી દેખી કરે સ્નાન.
કથા સૂણી સૂણી ફૂટ્યાં
કાન,
અખા, તો યે ન આવ્યું
બ્રહ્મજ્ઞાન.

પરમતત્વ તરફની જીવની વૃત્તિને સદવર્તન થકી જ ગતિ મળી શકે છે. બાકી તો માત્ર બાહ્ય દેખાવ માટેની પ્રવૃત્તિ સાધના પથમાં નિરર્થક બની રહે છે. આજના સંદર્ભમાં કવિરાજની વાત વિશેષ પ્રસ્તુત તેમજ દિશાદર્શક બને તેવી છે.

નજીકના ભૂતકાળમાં કવિ કાગ તેમજ શંકરદાનજી દેથા જેવા સર્જકોએ લોકહૈયામાં આદર તથા લાગણીનું સ્થાન મેળવેલું છે. રાજ્યકવિ પિંગળશીભાઈ નરેલા આ કવિઓ માટે પણ પથદર્શક સમાન હતા. પ્રેરણાનું સ્થાન હતા. ગમતાનો ગુલાલ કરીને ૧૯૩૯ના ફાગણિયા માર્ચમાં મહાપ્રયાણ કરી જનારા આ રાજયકવિની અનેક રચનાઓ લોકહૈયામાં તથા લોકજીભે વસેલી છે. આ રચનાઓ સદાકાળ જીવંત રહેવાની છે.

# ૬૧માં વર્ષે ૭૫ના બદલે ૨૪૧ માઈલની ગાંધીકૂચ

**ગાંધીજીને પોતાના પડછાયા કરતાંય સરદાર પર વધુ ભરોસો હતો**



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

દાંડીકૂચનો નિર્ણય ગાંધીજીએ લઈ લીધો હતો. અને વાઈસરોયના નિરાશાજનક પ્રતિસાદ પહેલા જ આ નિર્ણય લેવાઈ ગયો હતો. દેશભરમાં આ બાબતે એક જિજ્ઞાસા જાગી ચૂકી હતી. બિહારમાં રાજેન્દ્રપ્રસાદ તો દિલ્હીમાં મોતીલાલ નહેરુ મીઠાનો સત્યાગ્રહ? એવો પ્રશ્ન કરતા હતા. અને એથી શું ? એવો પ્રતિપ્રશ્ન પણ સવાલની પછવાડે જોડાયેલો હતો. ઘણા સાથીઓ મીઠાઈની લડાઈના વિચાર સામે શંકા પણ સેવતા હતા. તો ઘણા એમ પણ લાગણી વ્યક્ત કરતા હતા કે દેશના ઘણા ભાગોમાં ગુજરાતની જેમ કુદરતની દરિયાની મહેરબાની નથી તો મીઠાના કર સામેની લડાઈમાં કઈ રીતે વિરોધ કરવો ? તો સરદાર પટેલ તો મીઠાના સત્યાગ્રહની સામે વિરોધમાં જ હતા. સત્યાગ્રહ અંગેની બેઠકમાં પણ સરદાર સાહેબ પોતાની નારાજગી વ્યક્ત કરવા હાજર રહ્યા ન હતા. મજાની વાત એ પણ છે કે તેમ છતાં ચપટી મીઠું ઉપાડીને નમક સત્યાગ્રહ માટેનું સ્થળ પસંદ કરવાનું કામ ગાંધીજીએ સરદારને જ સોંપ્યું હતું. અને સરદારે કશી આનાકાની વગર નવજવાન ડોસલાની વાત સ્વીકારી લીધી હતી. અને સ્થળ પસંદગી માટે સરદારે વિશ્વાસુ સાથીઓને કામે લગાડી દીધા હતા.

ગાંધીજીએ પ્રજાજોગ સંબોધનમાં મીઠા સત્યાગ્રહ કેમ એની સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે ૧૦ પાઈની મીઠાં ઉપર ૨૦૦ પાઈની જકાત નાંખીને સરકાર ગરીબ માણસને પણ નિચોવી લે છે, તેથી મીઠા જેવી સૌની જીવન જરૂરિયાતની ચીજ માટેની આ અમાનુષી ઈજારા પદ્ધતિ સામે, મીઠઆના અગર ઉપર હલ્લો લઈ જવાનો છે. ગાંધીના મીઠા કર સામે હલ્લો લઈ જવાની જાહેરાતથી આખા દેશમાં એક નવી જ આશાનો સંચાર થયો અને સરદાર જેવા સાથીઓ હલ્લો હલ્લાબોલ સાથે સત્યાગ્રહ સંગ્રામની તૈયારીઓ શરૂ કરી દીધી. સરદારની સ્થળ પસંદગી સંશોધન ટીમે દક્ષિણ ગુજરાતના તિથલ, ધરાસણા, લસુંદ્રા અને બદલપુરના નામો ખાસ પસંદગીના હતા. ખુદ સરદાર પટેલે પણ બોરસદ જઈને મહિસાગરના કાંઠે ગાંધીજી કૂચ લઈને આવે એમ ઈચ્છતા હતા. સરદાર પટેલ મહિસાગર કાંઠાનો વિસ્તાર કહી રહ્યા હતા. તેની પાછળ પોતાનો વતનનો વિસ્તાર અને વધુ જાણીતી ચરોતરની પ્રજાના વિશ્વાસથી છે કૂચને પ્રચંડ ટેકો પણ મળે અને મહિસાકરના કિનારે ગાંધીજી મીઠું બનાવવાનો કાર્યક્રમ આપે એવું મનોમન ઈચ્છતા હતા. તો મહાદેવ દેસાઈએ ધરાસણાની સ્થળ તપાસે ગયા તો ગાંધીજીની સુચનાથી કલ્યાણજી મહેતા, નરહરિ પરીખ, લક્ષ્મીદાસ આશર સહીતના આગેવાનોએ ઓલપાડ તાલુકાના દિહેણથી માંડીને કરાડી, દાંડી, તિથલ અને ઉદવાડાની ચકાસણી કરી. આ અગ્રણીઓને એમ જણાયું કે જો મહિસાગર કિનારાના બદલપુર મીઠઆ સત્યાગ્રહ માટે નક્કી કરવામાં આવે તો અમદાવાદથી એ માત્ર ૭૫ માઈલે જ આવેલું હોઈ બદલપુર કૂચ તા. ૧૨ થી તા. ૧૯ માર્ચ માત્ર આઠ દિવસમાં પહોંચી જાય. મીઠાના સત્યાગ્રહના સથવારે સમગ્ર ભારતને લડતના એક તાંતણે જોડવા માટે આઠ દિવસ ઓછા પડે એના બદલે ગાંધીજી અમદાવાદ આશ્રમથી જો સૂરતના દરિયાકાંઠા સુધી કૂચ લંબાવે તો ૭૫ માઈલના બદલે ૨૪૧ માઈલની કૂચ થાય.અને ૧૯ માર્ચના બદલે છઠ્ઠી એપ્રિલ સુધી કૂચ ચલાવી શકાય. જો કૂચ કદમ ગાંડી સુધી લંબાય તો ગુજરાત અને ભારતમાં અભૂતપૂર્વ જાગ્રૃતિ આવે. સૂરતના કલ્યાણજીભાઈએ દાંડીકૂચનો તર્ક સરદાર પટેલ સમક્ષ મૂક્યો અને સરદાર પટેલ તરત જ આ વાત સ્વીકારી લીધી અને સરદાર સમજી ગયા હોય, સ્વીકારી લીધી હોય એ વાત ગાંધીજીને સ્વીકાર્ય જ હોય. અને આ રીતે દાંડીની પસંદગી પર મહોર મારવામાં આવી.

કૂચ માટે જયારે દાંડીની પસંદગી ઉતારવામાં આવી ત્યારે નવસારીની દાંડી જવાનો પાકો રસ્તો ન હતો. અને દરિયાકાંઠે આવેલા દાંડીના પાણીની પણ તંગી હતી, તે છતાં નવસારીના આગેવાનો અને પ્રજાજનો, જલાલપોર તાલુકાના કાંઠા વિસ્તારના લોકો અને દાંડીના ડાહ્યાભાઈ દેસાઈ વગેરેના અસીમ ઉત્સાહથી કૂચ માર્ગમાં ઠેકઠેકાણે પાણીની પરબની ગોઠવણ કરવાની ખાતરી મળી ગઈ હતી.

દાંડીકૂચ એ ગાંધીજીને મન આખરી ફેંસલાની લડત હતી. જે સરદાર મીઠાના કર સામેના સત્યાગ્રહની લડત સામે વિરોધમાં હતા એ પણ ગાંધીજીનો વિચાર શિરોમાન્ય ગણીને પ્રચંડ પ્રજા સમર્થનમાં લાગી ગયા હતા. ગાંધી તો અમદાવાદ આશ્રમમાં હતા પરંતુ સરદાર ચરોતરના ગામડાઓ ખુંદીને દાંડીકૂચને સફળ બનાવવા માટે મચી પડ્યા હતા. સરદાર સાહેબ જો દાંડીકૂચ શરુ થાય એ પહેલાં કે કૂચ દરમિયાન ગાંધીજીની ધરપકડ થાય તો આખા દેશમાં સત્યાગ્રહની પાવક જવાળા ભભૂકી ઊઠે, પ્રજા સ્વયંભૂ ધરપકડ વહોરીને સ્વેચ્છાએ જેલમાં જાય, જેલો ભરાઈ જાય ને અંગ્રેજ સરકારને ભારતને સ્વતંત્રતા આપવી અનિવાર્ય થઈ પડે એવી સ્થિતિ સર્જી દેવાના પ્રયાસોમાં લાગી ગયા હતા. સરદારે વિરોધ છતાં પણ ગાંધી બોલ ઝીલીને દાંડીકૂચ સફળ બનાવવા લાગી ગયા હતા. ગાંધીજીને પણ સરદાર પર આ જ ભરોસો હતો. પડછાયો પણ સાથ છોડે પણ સરદાર નહીં આ ગાંધીજીનો આકંઠ ભરોસો હતો. એટલે જ બાપુ એમને સરદાર તરીકે નવાજતા હતા.